# <u>અહેવાલ</u>

## SSIP સેલ

## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ઘોઘા, ભાવનગર દ્વારા આયોજિત

## Expert Lecture

## on

## Problem Identification and Idea Generation

તા. ૨૮/૦૩/૨૦૨૫

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ઘોઘા, જિ. ભાવનગર ખાતે તા. ૨૮/૦૩/૨૦૨૫ ને શુક્રવારના રોજ SSIP સેલ અંતર્ગત અત્રેની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કરવા માટે Problem Identification and Idea Generation વિષય પર એક વિશેષ ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં Grant Thornton Bharat LLP માં Project Management Unit (PMU) Team for SSIP 2.0 in Higher Education માં સેવા આપતા નિષ્ણાંત વકતા શ્રી પ્રાચી પરીખ દ્વારા વિશેષ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને સમસ્યાની ઓળખ અને નવી વિચારોની રચના અંગે જ્ઞાન આપવાનો હતો.

ઘણાં વર્ષોનો અનુભવ ધરાવતા વિશેષજ્ઞ વકતા શ્રી પ્રાચી પરીખે ખૂબ સરળ અને રસપ્રદ રીતે વિષયને રજૂ કર્યો. તેમણે સૌથી પહેલા સમજાવ્યું કે કોઈપણ સમસ્યાની સાચી ઓળખ એ સફળ ઉકેલ માટેનું પ્રથમ પગથિયું છે. પછી તેમણે વિવિધ ઉદાહરણો અને વર્તમાન સમયમાં ઉકેલાયેલી સમસ્યાઓના કેસ સ્ટડીઝ જેવાકે BYJU'S, Lenskart, PhonePe વગેરે દ્વારા સમજાવ્યું કે કેવી રીતે આપણે સામાન્ય સમસ્યાઓમાંથી નવી તક શોધી શકીએ છીએ. તેમણે સમસ્યાઓની ઓળખ માટેની વિવિધ તકનીકો Brainstorming techniques જેવી કે Mind Mapping, SCAMPER, The 6 – 3 – 5 Method વગેરે પણ રસપૂર્વક સમજાવી હતી. તેમજ વિચારોનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે અંગે પણ સમજ પૂરી પાડવામાં આવી હતી. વિધાર્થીઓએ ખુબ જ ઉત્સાહપૂર્વક આ સમગ્ર કાર્યક્રમ માણ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમ કોલેજના ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. બી.એચ.જોશી ની પ્રેરણાથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. કાર્યક્રમને સફળ બનાવવા અત્રેની કોલેજના પ્રાધ્યાપકો ડૉ. લાલજીભાઈ બાંભણિયા, ડૉ. નમિતા શાહ, ડૉ. શક્તિસિંહ પરમાર, ડૉ. રોહલ રાવલ, શ્રી રાધિકાબેન રાણા તથા લેબ આસિસ્ટન્ટ કુ. સગુફાબેન શેખે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન SSIP કોઓર્ડીનેટર શ્રી દિપક ગોહિલ દ્વારા કરવામાં આવ્યું હતું.



vivo V40 | ZEISS

24mm f/1.88 1/100s ISO1203
03/28/2025, 15:26



vivo V40 | ZEISS

24mm f/1.88 1/100s ISO1258
03/28/2025, 15:25



vivo V40 | ZEISS

24mm f/1.88 1/50s ISO829
03/28/2025, 15:26